1153

કેસ દાખલ તારીખઃ૨૪/૦૭/૨૦૧૩
રજી.થયા તારીખઃ૨૪/૦૭/૨૦૧૩
ફેસલ કર્યા તારીખઃ૦૪/૦૫/૨૦૧૯
સમય ગાળોઃવર્ષ....માસ..... દિવસ...

મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ૪૨૮/૧૯૯૯.
આંક –

ફરીયાદીઃ – શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપીઃ – (૧) દિપક દિગંબર ખંડારે(મરાઠી)
ઉં.વ.૨૮, રહે–વિનોબાભાવેનગર, અમદાવાદ.
(૨) ભગવાનદાસ મેઠારામ જેતવાણી.**(એબેટ)**
ઉં.વ.૩૮,રહે–વિનોબાભાવેનગર, અમદાવાદ.
(૩) દિલીપ દિગંબર મરાઠી.**(એબેટ)**
ઉં.વ.૩૨,રહે–વિનોબાભાવેનગર, અમદાવાદ.
(૪) ભુરીયો ઉર્ફે ઘનશ્યામભાઈ ચીમનભાઈ.**(એબેટ)**
ઉં.વ.૨૮,રહે–વિનોબાભાવેનગર, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.બી.પ્રસાદ.

---

ગુનોઃ–ઈ.પી.કો.કલમઃ ૩૨૫, ૩૨૩, ૪૫૨, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪
તથા બી.પી.એક્ટ કલમ.૧૩૫(૧) મુજબ .

---

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

જજમેન્ટ

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૬/૦૧/૧૯૯૯ ના રોજ રાત્રીના કલાકઃ ૨૩.૩૦ વાગ્યે વિનોબાભાવેનગર મકાન નં. ૧૮૦૫ માં ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીને જણાવેલ કે, અમારી સાથે ઝઘડો કેમ કરેલ છે તેમ કહી બિભત્સ ગાળો આપી ફરીયાદી અને સાહેદ લીલાબેન રમેશભાઈનાઓએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં. ૪ નાએ ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં. ૩ નાએ ફરીયાદીને જમણા પગે તથા ડાબા પગે નળાના ભાગે લોખંડની પાઈપ મારી આરોપી નં. ૧ નાએ ફરીયાદીને ડાબા હાથ ઉપર લાકડી મારી સાહેદ લીલાબેનનાઓને જમણા પગના થાપા ઉપર લાકડી મારી ફરીયાદીને પકડી રાખી ગાળો બોલી મહે.પો.કમિશનર સાહેબશ્રી અમદાવાદનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવા બાબાતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ આંકઃ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તેમજ આંકઃ૦૨ અને ૦૩ થી આરોપીઓની ગુના

સબંધે ૫લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને તહોમતનામા અંગેની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

આંકઃ ૦૯ સાહેદ અખિલેશભાઈ સત્યનારાયણ ઝાની જુબાની.

આંકઃ ૧૩ સાહેદ રશિકભાઈ કાંતીભાઈનાઓની જુબાની.

આંકઃ ૧૪ બનાવવાળી જગ્યાનું પંચનામું.

આંકઃ ૧૫ પંચ સાહેદ અવધેષભાઈ બાબારામ શુકલાની જુબાની.

આંકઃ ૧૬ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંકઃ૧૭ પંચ સાહેદ અવધેષભાઈ બાબારામ શુકલાની જુબાની.

આંકઃ૧૮ પંચ સાહેદ સન્નીભાઈ જોનભાઈની જુબાની.

આંકઃ૧૯ મુદ્દામાલ રીકવરી પંચનામું.

આંકઃ૨૦ પોલીસ કમિશનર જાહેરનામાના કલાર્કની જુબાની.

આંકઃ૨૧ હથિયારબંધીનું જાહેરનામું.

આંકઃ૨૩ પો.કો.વિજયસિંહ ભરતસિંહની જુબાની.

આંકઃ૨૪ સી.એમ.ઓ.એલ.જી.હોસ્પિટલને લખવામાં આવેલ યાદી.

આંકઃ ૨૫ ચાર્જ અમલદાર રીપોર્ટ.

આંકઃ૨૬ અસલ ફરીયાદ.

આંકઃ૨૭ ડો.લક્ષ્મણ કાળુભાઈ તાવીયાડની જુબાની.

આંકઃ૨૮ સારવાર સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ.

આંકઃ૨૯ અસલ એક્ષ-રે નંગ-૧૫

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) શ્રી સરકાર પક્ષ તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. આરોપીઓ પક્ષ તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

-૦ મુદ્દા ૦-

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૬/૦૧/૧૯૯૯ ના રોજ રાત્રીના કલાકઃ ૨૩.૩૦ વાગ્યે વિનોબાભાવેનગર મકાન નં. ૧૮૦૫ માં ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીને જણાવેલ કે, અમારી સાથે ઝઘડો કેમ કરેલ છે તેમ કહી બિભત્સ ગાળો આપી ફરીયાદી અને સાહેદ લીલાબેન રમેશભાઈનાઓએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં. ૪ નાએ ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં. ૩ નાએ ફરીયાદીને જમણા પગે તથા ડાબા પગે નળાના ભાગે લોખંડની પાઈપ મારી આરોપી નં. ૧ નાએ ફરીયાદીને ડાબા હાથ ઉપર લાકડી મારી સાહેદ લીલાબેનનાઓને જમણા પગના થાપા ઉપર લાકડી મારી

ફરીયાદીને પકડી રાખી ગાળો બોલી મહે.પો.કમિશનર સાહેબશ્રી અમદાવાદનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ.૩૨૫, ૩૨૩, ૪૫૨, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી.એકટ કલમ.૧૩૫(૧) મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

-ः ન્યાય નિર્ણય માટેનાં કારણો ः-

મુદ્દા નંબરઃ-

ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ૩૨૫, ૩૨૩, ૪૫૨, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી.એકટ કલમ.૧૩૫(૧) મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૮) ફરીયાદ પક્ષે આંકઃ ૦૯ થી સાહેદ અખિલેશભાઈ સત્યનારાયણ ઝાનાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ ૨૦ વર્ષ પહેલા તેઓની મકાનની બાજુમાં રહેતા રમેશભાઈનાઓને

કોઈની સાથે ઝઘડો થતા બનેલ હતો. જે બનાવમાં પોલીસે સાહેદનું નામ સરનામું પુછેલ હતું. રમેશભાઈને કોઈની સાથે બોલાચાલી ઝઘડો થયેલ હોય તે બાબતે પોતે કાંઈ જાણતો નથી. આરોપીને ઓળખતો નથી. સાહેદે ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદે ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતો સ્વિકારેલ છે કે, માર માર્યા અંગેનો બનાવ પોતાની હાજરીમાં બનેલ નથી.

(૯) ફરીયાદ પક્ષે આંકઃ ૧૩ થી પંચ સાહેદ રસીકભાઈ કાંતીભાઈ ઠક્કરનાઓને તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે સોગંદ ઉપર એવી હકીકત જણાવેલ છે કે, પોતે વટવા પો.સ્ટે.પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસ એક લખેલા કાગળ ઉપર સહી કરવાનું કહેતા પોતે સહી કરી આપેલ હતી. તે સિવાય પોતે કંઈ જાણતો નથી. પોલીસે પોતાને પંચનામું કરવા બોલાવેલ હોય અને ગુનામાં વપરાયેલ હથિયાર આરોપી રજુ કરતા હોય તેવું બનેલ નથી. તેમ જણાવી આંકઃ ૧૪ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પંચ સાહેદે ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચ સાહેદે ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી

દ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦)ફરીયાદ પક્ષે આંકઃ ૧૫ થી પંચ સાહેદ અવધેષભાઈ બાબારામ શુક્લાનાઓને તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૧૭/૦૧/૧૯૯૯ ના રોજ પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં પોતાની સહી કરાવેલ હતી. પોલીસે પોતાની હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર કરેલ હોય તેવું બનેલ નથી. આંકઃ ૧૬ થી રજુ થયેલ પંચનામામાં પોતાની પંચ નં. ૨ તરીકે સહી ઓળખી બતાવેલ છે. પંચ સાહેદે ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચ સાહેદે ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં પંચ સાહેદે એવી હકીકતો સ્વિકારેલ છે કે, પોતાની હાજરીમાં કોઈ હથિયાર રીકવર કરવા અંગેનું પંચનામું કરવામાં આવેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં પોતાની સહી લીધેલ હતી.

(૧૧)ફરીયાદ પક્ષે આંકઃ ૧૭ થી પંચ સાહેદ અવધેષભાઈ બાબારામ શુક્લાનાઓને તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૧૭/૦૧/૧૯૯૯ ના રોજ પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં પોતાની સહી કરાવેલ હતી. પોલીસે પોતાની હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર કરેલ હોય તેવું બનેલ નથી. આંકઃ ૧૬ થી રજુ થયેલ પંચનામામાં પોતાની પંચ નં. ૨ તરીકે સહી ઓળખી બતાવેલ

છે. પંચ સાહેદે ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચ સાહેદે ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં પંચ સાહેદે એવી હકીકતો સ્વિકારેલ છે કે, પોતાની હાજરીમાં કોઈ હથિયાર રીકવર કરવા અંગેનું પંચનામું કરવામાં આવેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં પોતાની સહી લીધેલ હતી. પંચ સાહેદ સનીભાઈ જોનભાઈ ટર્નરનાઓએ પણ સોગંદ ઉપર સરતપાસમાં પોતાની હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ફરીયાદ પક્ષે આંકઃ ૧૯ થી મુદ્દામાલ રીકવરી પંચનામું રજુ કરવામાં આવેલ છે.

(૧૨)ફરીયાદ પક્ષે આંકઃ ૨૦ થી હથિયારબંધીના જાહેરનામાના કલાર્ક બળવંતસિંહ જવાનસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, હાલમાં વિશેષ શાખા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી શાહીબાગ ખાતે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવે છે. વિશેષ શાખા પરમીટ વિભાગનુ કામ પોતે પો.કમી.શ્રી અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રસિદ્ધ થતાં પરમીટ વિભાગને લગતા જાહેરનામાઓને અમદાવાદ શહેરના તમામ પો.સ્ટે. તરફ જાહેર જગ્યાએ ચોટાડવા તેમજ લાઉડ સ્પિકર વાહન દ્વારા એનાઉન્સ કરવા માટે મોકલવાના હોય છે. તેમજ આકાશવાળી દુરદર્શન કેન્દ્ર તેમજ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થવા

સારૂ જન સંપર્ક અધિકારી તરફ મોકલવાના હોય છે. જે આ કામે હથિયારબંધીનું જાહેરનામું તારીખ ૧/૧/૧૯૯૯ થી ૨૮/૨/૧૯૯૯ સુધી જે તારીખ ૨૮/૧૨/૧૯૯૮ ના રોજ પો.કમી.શ્રી હિરાલાલ સાહેબના સહી સીક્કાથી પ્રસિદ્ધ કરવામાં આવેલ જે ખરી નકલ પો.ઈ.સ.એ સેક્શન વિશેષ શાખા અમદાવાદનાઓની સહી વાળી ખરી નકલ આ સાથે આંકઃ ૧૧ થી રજુ કરેલ છે. આરોપી પક્ષના વિ.વકીલશ્રી દ્ધારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતો સ્વિકારેલ છે કે, જાહેરનામા બાબતે અંગત કોઈ જાત માહીતી નથી. ફરીયાદ પક્ષે આંકઃ ૨૧ થી હથિયારબંધીનું જાહેરનામું રજુ કરવામાં આવેલ છે.

(૧૩)ફરીયાદ પક્ષે આંકઃ ૨૩ થી પો.કો. વિજયસિંહ ભરતસિંહનાઓને તપાસવામાં આવેલ છે. જે સાહેદે રેકર્ડ આધારીત એવી હકીકતો જણાવેલ છે કે, ફરીયાદી રમેશભાઈ અમૃતભાઈ પટેલનાઓએ જી.આઈ.ડી.સી. વટવા પો.સ્ટે. ખાતે આરોપી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલ હતી. જે ગુનાની તપાસ આર.કે.પટેલનાઓએ કરેલ હતી. આર.કે.પટેલનાઓ તા. ૨૮/૦૭/૨૦૦૧ ના રોજ અવસાન પામેલ હોવાનું જણાવી મરણનો દાખલો રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદારનાઓએ પંચો રૂબરૂ મુદ્દામાલ રીકવર કરી બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવાનું અને પુરતો પુરાવો હોવાથી ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. તપાસ કરનાર અમલદારનાઓની જુબાનીમાં આંકઃ ૨૪ થી આર.એમ.ઓ એલ.જી.હોસ્પિટલને લખવામાં આવેલ યાદી, આંકઃ ૨૫ થી ચાર્જ અમલદાર રીપોર્ટ, આંકઃ ૨૬ થી અસલ ફરીયાદ રજુ કરવામાં આવેલ છે.

(૧૪)ફરીયાદ પક્ષે આંકઃ ૨૭ થી ડો. લક્ષ્મણભાઈ કાળુભાઈ તાવીયાડનાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૧૭/૦૧/૯૮ ના રોજ કલાકઃ ૨.૪૦ વાગ્યે રમેશભાઈ અમૃતભાઈ એલ.જી.હોસ્પિટલ ખાતે સારવાર માટે આવતા તેમને ઓર્થો વિભાગમાં દાખલ કરવામાં આવતા ડો. શિતલ પરીખ દ્વારા તપાસવામાં આવતા દર્દીને જમણા પગના ડાબા પગના ભાગે, ડાબા હાથના ભાગે ઈજાઓ હતી. એક્ષ-રે લેતા જમણા પગમાં ટીબીયા હાડકામાં ડાબા પગે ટીબ્યુલા હાડકામાં તથા ડાબા પગમાં હાડકામાં ફ્રેક્ચર હતું. દર્દીને અંદરના દર્દી તરીકે સારવાર આપી તા. ૦૩/૦૨/૯૯ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હતી. ડો.શિતલ પરીખ દ્વારા આપવામાં આવેલ સર્ટીફિકેટમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને આંકઃ ૨૮ થી સારવાર સર્ટીફિકેટ, આંકઃ ૨૯ થી એક્ષ-રે પ્લેટ નંગ.૧૫ રજુ કરેલ છે.

(૧૫)પ્રસ્તુત કામે ફરીયાદી રમેશભાઈ અમૃતભાઈ પટેલનાઓ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવવામાં આવેલ હતી. જેઓ તા.૨૧/૦૩/૨૦૧૧ ના રોજ અવસાન પામેલ હોવાના શેરા સાથે મરણનો દાખલો આંકઃ ૦૮ થી રજુ થયેલ છે. જેથી ફરીયાદીને તપાસી શકાયેલા ન હોય ફરીયાદ સાબિત થતી નથી. ફરીયાદીના પત્ની સાહેદ લીલાબેન વા/ઓ રમેશભાઈ પટેલનાઓ વિરૂદ્ધ સમન્સ વોરન્ટ કાઢતા તેઓ જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ છે જેથી તેઓને તપાસી શકાયેલા નથી. પંચ સાહેદ ભરતભાઈ રતિલાલ જાની, પંચ સાહેદ રજનીકાંત રતિલાલ પટેલ નાઓ પણ અવસાન પામેલ હોવાના શેરા સાથે પ્રોસેસ તથા મરણનો દાખલો રજુ થયેલ હોય તેઓની તપાસી શકાયેલા નથી. સાહેદ ભરતભાઈ ચંદુજી

ચૌહાણ, સાહેદ સમસેન દાઉદભાઈ ક્રિચ્ચનનાઓ વિરૂદ્ધ સમન્સ વોરન્ટ કાઢતા તેઓ જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ છે. જેથી તેઓને પણ તપાસી શકાયેલા નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદી અવસાના પામેલ હોય તેમજ અન્ય સાહેદો મળી આવતા ન હોય ફરીયાદ પક્ષે તપાસેલ સ્વતંત્ર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવેલ નથી, ઈજા અંગેનું સારવાર સર્ટીફિકેટ તથા હથિયારબંધીનું જાહેરનામું પણ સાબિત થતુ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં ઠરાવી અને મુદ્દા નંબરઃ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપી (૧) દિપક દિગંબર ખંડારેનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમઃ ૩૨૩, ૩૨૫, ૪૫૨, ૫૦૬(૨), ૧૧૪ તથા બી.પી. એકટની કલમઃ ૧૩૫(૧) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

(૩) મુદ્દામાલ પાવતીનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૪ માહે મે સને-૨૦૧૯ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ
તા.૦૪/૦૫/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

એમ.ટી.દેસાઈ.